# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17-12-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

### આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જોર્ડન અને ઇથોપિયાની મુલાકાત પૂર્ણ કર્યા પછી ત્રણ દેશોના પ્રવાસના છેલ્લા તબક્કામાં ઓમાનના મસ્કત પહોંચ્યા.

2) આજે લોકસભામાં પરમાણુ ઊર્જાનો ટકાઉ ઉપયોગ અને પ્રગતિ ખરડો , 2025 પસાર થયો

3) ભારત અને આર્જેન્ટિ નાએ કૃષિ સંશોધન અને ટેકનોલોજી વિનિમયને વેગ આપવા કાર્ય યોજના 2025-27 પર હસ્તાક્ષર કર્યા.

4) કેન્દ્રીય રાજ્યમંત્રી ડૉ. એલ. મુરુગને જણાવ્યું, પ્રસાર ભારતીએ સાંસ્કૃતિક પહોંચને પ્રોત્સાહન આપવા કન્ટેન્ટ સિન્ડિકેશન નીતિ, 2025નો ડ્રાફ્ટ તૈયાર કર્યો

5) ક્રિકેટમાં આજે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ચોથો ટી-ટવેન્ટી મુકાબલો

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM -ETHIOPIA WITH V/C -1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જોર્ડન અને ઇથોપિયાની મુલાકાત પૂર્ણ કર્યા પછી ત્રણ દેશોના પ્રવાસના છેલ્લા તબક્કામાં ઓમાનના મસ્કત પહોંચ્યા. ભારત અને ઓમાન તેમના રાજદ્વારી સંબંધોનાં 70 વર્ષની ઉજવણી કરી રહ્યા છે.

પ્રધાનમંત્રીની ઓમાનની બે દિવસીય મુલાકાત વધુ વિકાસ માટે સાથે મળીને કામ કરવા માટે તેમના સંબંધોને વધુ મજબૂત બનાવશે.

દરમિયાન, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે પ્રધાનમંત્રી મોદી અને ઓમાનના સુલતાનની હાજરીમાં વ્યાપક આર્થિક ભાગીદારી કરાર , એક મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કરવાની જાહેરાત કરી હતી.

અગાઉ પ્રધાનમંત્રી મોદીએ અદીસ અબાબામાં ઇથોપિયાની સંસદના સંયુક્ત સત્રને સંબોધિત કર્યું હતું.

પ્રધાનમંત્રીની આફ્રિકન દેશની બે દિવસીય મુલાકાત દરમિયાન , ભારત અને ઇથોપિયાએ આઠ એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતાં , જેમાં સંબંધોને 'વ્યૂહાત્મક ભાગીદારી' સુધી અપગ્રેડ કરવાનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રી મોદીને ઇથોપિયાનો સર્વોચ્ચ પુરસ્કાર 'ધ ગ્રેટ ઓનર નિશાન ઓફ ઇથોપિયા ' એનાયત કરવામાં આવ્યો. સાંભળીએ એક અહેવાલ...

(VC - HEMANGINI SONARA)

# PM -ETHIOPIA WITH V/C -2

[ *દેના હુનુ.. એટલે ગુડબાય. જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઇથોપિયાની સંસદના સંયુક્ત સત્રને અહમેરિક ભાષામાં આ શબ્દોથી સંબોધન પૂર્ણ કર્યું , ત્યારે તાળીઓનો ગડગડાટ ઘણી મિનિટો સુધી સંસદમાં ગુંજતો રહ્યો જે બંને દેશો વચ્ચેના મજબૂત જોડાણને પ્રતિબિંબિત કરે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ઇથોપિયાના તેમના સમકક્ષ ડૉ. અબી અહેમદ અલીએ વેપાર અને રોકાણ , નવીનતા, ટેકનોલોજી, સંરક્ષણ, આરોગ્ય, ક્ષમતા નિર્માણ અને બહુપક્ષીય જોડાણ સહિતના ક્ષેત્રોમાં સહયોગની ચર્ચા કરી. તેઓ ખાદ્ય સુરક્ષા અને આરોગ્ય સુરક્ષા , ટકાઉ કૃષિ, કુદરતી ખેતી અને કૃષિ-ટેકમાં સહયોગ , કૃત્રિમ બુદ્ધિમત્તામાં નવા કાર્યક્રમો રજૂ કરવા અને વિદ્યાર્થી શિષ્યવૃત્તિ બમણી કરવા અને ડિજિટલ પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર ( DPI) પર વ્યાપકપણે કામ કરવા સંમત થયા.પ્રધાનમંત્રીએ ગ્લોબલ સાઉથની ચિંતાઓને અવાજ આપવા માટે ઇથોપિયા સાથે કામ કરવાની ભારતની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી.*

*--આકાશવાણી સમાચાર વિભાગ અમદાવાદથી હેમંગીની સોનારા* ]

. . . . . . . . . . . . .

# REV. EVE. LS - NUCLEAR BILL

આજે લોકસભામાં પરમાણુ ઊર્જાનો ટકાઉ ઉપયોગ અને પ્રગતિ ખરડો, 2025 પસાર થયો છે. તેનો ઉદ્દેશ્ય પરમાણુ ઊર્જા ઉત્પાદન માટે પરમાણુ ઊર્જા અને આયનાઇઝિંગ રેડિયેશન વિકસાવવાનો છે.આ ખરડો પરમાણુ ઊર્જાના સલામત ઉપયોગ માટે એક મજબૂત નિયમનકારી માળખું પૂરું પાડશે.

આ ખરડો રજૂ કરતાં પરમાણુ ઊર્જા રાજ્યમંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે વિશ્વ સ્વચ્છ ઊર્જા તરફ આગળ વધી રહ્યું છે અને સરકારે 2047 સુધીમાં 100 ગીગાવોટ પરમાણુ ઊર્જા ક્ષમતા પ્રાપ્ત કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. તેમણે નોંધ્યું હતું કે ભારતની વર્તમાન પરમાણુ ઊર્જા ક્ષમતા 8.8 ગીગાવોટ છે , જે 2014 માં 4.4 ગીગાવોટ હતી.

તેમણે ઉમેર્યું કે 2047 સુધીમાં ચોખ્ખી-શૂન્ય કાર્બન ઉત્સર્જનના લક્ષ્યને પ્રાપ્ત કરવા અશ્મિભૂત ઇંધણ અને પેટ્રોલિયમ પર નિર્ભરતા ઘટાડવાની જરૂર છે. ડૉ. સિંહે કહ્યું કે ભારતની વધતી જતી ઊર્જા જરૂરિયાતોને પૂરી પાડવા અને ઊર્જા મિશ્રણના 10 ટકા સુધી પરમાણુ ઊર્જાનો હિસ્સો વધારવા માટે આ ખરડો જરૂરી છે. તેમણે આ ખરડાને ખૂબ જ મહત્વપૂર્ણ અને ઐતિહાસિક ગણાવ્યો.

. . . . . . . . . . . . .

# LS - G RAM G BILL

લોકસભાએ વિકાસ ભારત - રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) માટે ગેરંટી: વિકાસ ભારત - જી રામ જી , બિલ 2025 ને વિચારણા અને પસાર કરવા માટે રજૂ કર્યું છે. આ કાયદો વીસ વર્ષ જૂના મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ, 2005 (મનરેગા) ને બદલશે.

આ કાયદા હેઠળ દરેક નાણાકીય વર્ષમાં દરેક ગ્રામીણ પરિવારને એકસો પચીસ દિવસના વેતન રોજગારની વૈધાનિક ગેરંટી પૂરી પાડવામાં આવશે , જેના પુખ્ત સભ્યો અકુશળ મેન્યુઅલ કાર્ય કરવા માટે સ્વૈચ્છિક હોય છે. આ બિલમાં રોજગારના દિવસોની ગેરંટી 100 થી વધારીને 125 દિવસની વેતન રોજગાર કરવાનો પ્રસ્તાવ છે.

. . . . . . . . . . . . .

# REPEALING AND AMENDING BILL, 2025

સંસદે આજે રદ્દીકરણ અને સુધારા બિલ , 2025 પસાર કર્યું છે અને રાજ્યસભાએ આજે ચર્ચા પછી તેને મંજૂરી આપી છે. લોકસભાએ ગઈકાલે આ કાયદો પસાર કર્યો હતો. આ બિલમાં અમુક કાયદાઓને રદ કરવાની અને અમુક અન્ય કાયદાઓમાં સુધારો કરવાની જોગવાઈ છે.

. . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# LS-ADHAAR DETA

કેન્દ્ર સરકારે જણાવ્યું છે કે યુનિક આઇડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઇન્ડિયા (UIDAI) ડેટાબેઝમાંથી અત્યાર સુધી આધાર કાર્ડધારકોના ડેટાનો કોઈ ભંગ થયો નથી.

ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી રાજ્ય મંત્રી જિતિન પ્રસાદએ આજે લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં જણાવ્યું હતું કે આધાર વિશ્વની સૌથી મોટી બાયોમેટ્રિક ઓળખ પ્રણાલી છે, જેમાં આશરે 1.34 અબજ સક્રિય ધારકો છે.

પ્રસાદએ જણાવ્યું હતું કે સિસ્ટમ હેઠળ 16 હજાર કરોડથી વધુ પ્રમાણીકરણ વ્યવહારો પૂર્ણ થયા છે. તેમણે ઉમેર્યું હતું કે ઓથોરિટીએ તેના ડેટાબેઝને સુરક્ષિત રાખવા માટે બહુ-સ્તરીય સુરક્ષા માળખાગત સુવિધા લાગુ કરી છે.

. . . . . . . . . . . . .

# INDIA-ARGENTINA- AGREEMENT

ભારત અને આર્જેન્ટિનાએ આજે નવી દિલ્હીમાં દ્વિપક્ષીય કૃષિ સંશોધન અને ટેકનોલોજી વિનિમયને વેગ આપવા માટે કાર્ય યોજના 2025-27 પર હસ્તાક્ષર કર્યા.

ભારતીય કૃષિ સંશોધન પરિષદ (ICAR) અને રાષ્ટ્રીય કૃષિ ટેકનોલોજી સંસ્થા (INTA), આર્જેન્ટિનાના વચ્ચે હસ્તાક્ષર કરાયાં. આ કાર્ય યોજના કુદરતી સંસાધન વ્યવસ્થાપન, ટકાઉ કૃષિશાસ્ત્રમાં સહયોગ સ્થાપિત કરે છે જેમાં શૂન્ય ખેડાણ , યાંત્રિકીકરણ, સૂક્ષ્મ સિંચાઈ અને ફળદ્રુપતાનો સમાવેશ થાય છે.

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે જણાવ્યું હતું કે ભારત અને આર્જેન્ટિના તેલીબિયાં અને કઠોળ મૂલ્ય શૃંખલા , કપાસ કાપણી મશીનરી અને ડ્રોન સહિત કૃષિ યાંત્રિકીકરણમાં સહયોગને વધુ ગાઢ બનાવી રહ્યા છે.

. . . . . . . . . . . . .

# LS-MURUGAN PRASAR BHARATI

માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી ડૉ. એલ. મુરુગને જણાવ્યું હતું કે પ્રસાર ભારતીએ સાંસ્કૃતિક પહોંચને પ્રોત્સાહન આપવા અને તેના કાર્યક્રમો દ્વારા આવક ઉત્પન્ન કરવા તેમજ તેની જાહેર સેવાની જવાબદારી પૂર્ણ કરવા માટે કન્ટેન્ટ સિન્ડિકેશન નીતિ, 2025નો ડ્રાફ્ટ તૈયાર કર્યો છે.

આજે લોકસભામાં એક લેખિત જવાબમાં , ડૉ. મુરુગને જણાવ્યું હતું કે આ નીતિનો ઉદ્દેશ્ય દૂરદર્શન અને ઓલ ઈન્ડિયા રેડિયો દ્વારા ઉત્પાદિત કાર્યક્રમો , આર્કાઇવ કરેલા રાષ્ટ્રીય અને પ્રાદેશિક કાર્યક્રમો અને સરકારી કાર્યક્રમો , તહેવારો, રમતગમત વગેરેના લાઇવ પ્રસારણનું મુદ્રીકરણ કરવાનો છે.

બીજા લેખિત જવાબમાં , ડૉ. મુરુગને જણાવ્યું હતું કે સરકાર દૂરદર્શન અને ઓલ ઈન્ડિયા રેડિયોની કામગીરી અને પ્રેક્ષકોની પહોંચ વધારવા માટે સતત પગલાં લઈ રહી છે.

. . . . . . . . . . . . .

# HAYDRABAAD -PRESIDENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ તેમના દક્ષિણ રાજ્યોના પ્રવાસના ભાગરૂપે આંધ્રપ્રદેશના તિરુપતિથી આવી સિકંદરાબાદના બોલારમમાં રાષ્ટ્રપતિ નિલયમ માટે રવાના થયા હતા.

રાષ્ટ્રપતિ કાર્યાલય આગામી છ દિવસ માટે રાષ્ટ્રપતિ નિલયમ ખાતે કાર્યરત રહેશે, જે આ મહિનાની 22 તારીખ સુધી ચાલશે. 19મી તારીખે રાષ્ટ્રપતિ વિવિધ રાજ્યોના જાહેર સેવા આયોગના અધ્યક્ષોના રાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કરશે અને 20મી તારીખે ,  તેઓ ગચીબોવલીમાં બ્રહ્માકુમારીઓ દ્વારા આયોજિત "ભારતનું શાશ્વત જ્ઞાન - શાંતિ અને પ્રગતિના માર્ગો" વિષય પરના પરિષદમાં ભાગ લેશે.

. . . . . . . . . . . . .

# GOA -FIRE

ગોવા નાઈટક્લબ આગ કેસના આરોપી ક્લબના માલિકોને આજે સવારે દિલ્હીથી ગોવા લાવવામાં આવ્યા હતા. બે ભાઈઓ સૌરભ લૂથરા અને ગૌરવ લુથરાને થાઈલેન્ડથી પ્રત્યાર્પણ કરાયા હતા. તેમના પર સુરક્ષા અંગેની બેદરકારીનો આરોપ છે જેના કારણે 6 ડિસેમ્બરે ક્લબમાં લાગેલ ભીષણ આગમાં 25 લોકો માર્યા ગયા હતા.

આગના કારણની તપાસમાં જાણવા મળ્યું છે કે આગ બિલ્ડિંગમાં ફટાકડાને કારણે લાગી હતી, જેમાં મૂળભૂત ફાયર સેફ્ટી પરમિટ અને ઇમરજન્સી એક્ઝિટનો અભાવ હતો. લુથરા ભાઈઓને તબીબી તપાસ માટે સિઓલિમ પીએચસી અને ઉત્તર ગોવા જિલ્લા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. તેમને આજે મોડી રાત્રે કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

. . . . . . . . . . . . .

# BHUPENDRA YADAV

કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે આજે દિલ્હી અને સોનીપતની મ્યુનિસિપલ સંસ્થાઓના કાર્ય યોજનાઓની વ્યાપક સમીક્ષા કરવા માટે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. બેઠકની અધ્યક્ષતામાં , તેમણે મ્યુનિસિપલ સંસ્થાઓને ચોક્કસ નિર્દેશો જારી કર્યા, જેમાં રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં પ્રદૂષણના પીક કલાકો દરમિયાન બાંધકામ અને તોડી પાડવાની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવાનો સમાવેશ થાય છે. શ્રી યાદવે દિલ્હીમાં મલ્ટી-લેવલ પાર્કિંગ સુવિધાઓનું યોગ્ય સ્થાન નક્કી કરવાનો પણ નિર્દેશ આપ્યો.

દિલ્હી-NCRમાં વાયુ પ્રદૂષણને પહોંચી વળવા માટે યોજાયેલ સમીક્ષાઓની શ્રેણીમાં આ ત્રીજી બેઠક હતી.

. . . . . . . . . . . . .

# T20 CRICKET

**ક્રિકેટમાં, આજે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ચોથી T20 આંતરરાષ્ટ્રીય મેચ લખનૌના અટલ બિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાઈ રહી છે. જોકે, લખનૌમાં વધુ ધુમ્મસના લીધે ટોસમાં વિલંબ થઈ રહ્યો છે.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# NATIONAL SHOOTING CHAMPIONSHIP

નવી દિલ્હીમાં ચાલી રહેલી 68મી રાષ્ટ્રીય શૂટિંગ ચેમ્પિયનશિપ સ્પર્ધાઓમાં રાજસ્થાનની અનંતજીત સિંહ નારુકા અને દર્શના રાઠોડની જોડીએ સિનિયર સ્કીટ મિશ્ર ટીમમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.

રાજસ્થાનની આ જોડીએ ઉત્તર પ્રદેશની ઓલિમ્પિયન જોડીને 45-43 થી હરાવીને ટાઇટલ પર કબજો કર્યો. હરિયાણાની રાયઝા ધિલ્લોન અને ઇશાન સિંહ લિબ્રાની ટીમે મધ્યપ્રદેશને 41-39 થી હરાવીને કાંસ્ય ચંદ્રક જીત્યો.

. . . . . . . . . . . . .